Volume 1, Issue 10

January
2024

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી 365601, ગુજરાત

**સંસ્થાના કાર્યક્ષેત્રના દરેક ગામોમાં ટીમના સભ્યો પ્રજાસતાક દિવસની ઉજવણીમાં સહભાગી થયા. સંસ્થાના ડાયરેક્ટર ધીરૂભાઈ વાગડીયા પોદાર ઇન્ટરનેશનલ સ્કુલ અમરેલી ખાતે પ્રજાસતાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા અને બાળકો સાથે વાર્તાલાપ કર્યો.**






**સંસ્થા દ્વારા શિક્ષણ, વિસ્તરણ, પાક સુધારણા, સંશાધન વ્યવસ્થાપન અને પાક સંરક્ષણ વગેરે જેવી બાબતોમાં સહયોગ અને જ્ઞાનના પ્રસાર માટે જુનાગઢ કૃષિ યુનિવર્સીટી સાથે એમઓયુ કરવામાં આવ્યા.**



## તા.૩૧-૦૧-૨૦૨૪ના રોજ સંસ્થાની ઓફીસ ખાતે લીડરશીપ ફોર ગ્રોથ કાર્યશાળા યોજવામાં આવી.





# તાલીમ અને શિક્ષણ

## તા. ૨૫ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ ખડાધાર મુકામે સંસ્થાની ટીમની માસિક અને ત્રિમાસિક મીટીંગ મળી જેમાં સંસ્થાના ડાયરેક્ટર ધીરુભાઈ વાગડિયા ઉપસ્થિત રહ્યા હતા.





શિક્ષણ સહાયતા કેન્દ્ર જીકીયાળી ખાતે વાલી સંમેલનનું અયોજન થયું. જીવનના નૈતિક મુલ્યો અને બાળકોની શીખવાની પ્રક્રિયા વિશે ચર્ચા કરવામાં આવી.



ભાંકોદર ખાતે કેન્દ્રના બાળકોને જળ, જમીન અને વાતાવરણ વિશે માહિતી આપવામાં આવી અને તેનું મહત્વ સમજાવવામાં આવ્યું. બાળકોએ જાતે ભોજન બનાવી બધાએ વન ભોજન લીધું.





ટપક E-MAGAZINE

Volume 1, Issue 10

January 2024

જેન્ડર પ્રોગ્રામમાં ફાઉન્ડેશનમાં કુલ ૮ સેન્ટરમાં અને એક્શનમાં કુલ ૪ સેન્ટરમાં બાળકો સાથે સરેરાશ ૫ મોડ્યુલ પૂર્ણ થયા છે.



તા. ૦૩ જાન્યુઆરી,૨૦૨૪ના રોજ ખાંભા મુકામે કૌશલ્ય વિકાસ અને આજીવિકાના સ્ત્રોત વધી શકે તે માટે મહિલાઓને પાપડ બનાવવા અંગેની તાલીમ આપવામાં આવી.



કાર્યવિસ્તારના પસંદ થયેલ ઉદ્યોગ સાહસિક બહેનો માટે માર્કેટિંગ અને બીઝનેસની એક તાલીમનું આયોજન અમરેલી ઓફીસ ખાતે તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ થયું. જેમાં ૪૨ બહેનો સહભાગી થઇ.





## આરોગ્ય અને પર્યાવરણ

ચિતલ ખાતે આયોજિત નેત્ર નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પમાં INGJ45ની ટીમ સહભાગી બની.





Share your review



www.sskkamreli.org info@sskkamreli.org

ટપક E-MAGAZINE

Volume 1, Issue 10

January 2024

## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

કૃષિ પુનઃ સ્થાપન પદ્ધતિઓ માટે દરેક પીયુમાં એલજી લીડર માટે કાર્યશાળાઓનું આયોજન થયું. જેમાં બાયોચાર પદ્ધતિના નિદર્શન થયા. બાયોચારનું મહત્વ, બનાવવા માટેની સામગ્રી, ઉપયોગીતા, ફાયદાઓ, જમીનનું બંધારણ, છોડને જરૂરી પોષક તત્વો, જમીનને સુધારવા બાબતે નવી પદ્ધતિઓ ઉપર અને હાલની ખેડુતોની સમસ્યાઓ વગેરે મુદ્દાઓ ઉપર માહિતી આપવામાં આવી હતી.



**ભાવનગરના શિહોર ખાતે તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ પાણી સંગ્રહ અને પાણીને જમીનમાં ઉતારવા DET, CLART એપ્લીકેશનનો ઉપયોગ કઈ રીતે કરવો તેની માહિતી આપતી તાલીમનું આયોજન કોટનકનેક્ટ દ્વારા થયું. જેમાં સંસ્થાના દરેક પીયુમાંથી મેનેજર અને એક એફ.એફ. હાજર રહયા હતા. આ તાલીમ ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યુરીટી આણંદ દ્વારા આપવામાં આવી.**





**સંસ્થા દ્વારા કોટન કનેક્ટ ફાર્મર કોમ્યુનીટી ફાઉન્ડેશનના સહયોગથી લાઠી (શ્રી કલાપી વીનય મંદીર લાઠી, શ્રી વી. એન. પટેલ કલ્યાણ વિદ્યાલય જામબરવાળા) ચિતલ (જ્ઞાનગીતા શૈક્ષણિક સંકુલમાં) ખાંભા (જે.એન. મહેતા હાઇસ્કુલ) ધોકડવા (ધોકડવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા) ટીંબી (શ્રી સ્વામિનારાયણ હાઇસ્કુલ) તેમજ મંડાળા (મંડાળા હાઇસ્કુલ)માં ક્લાઇમેન્ટ ચેન્જ ફ્યુચર લીડર સ્પર્ધા યોજાઈ. જેમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ, ક્વીઝ અને વકતૃત્વ સ્પર્ધામાં કુલ ૧૨૫ વિદ્યાર્થીઓ સહભાગી થયા.**














**વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર ફોર જ્વેલરી મેકિંગ અંતર્ગત તાલીમ લેતી ૨૯ બહેનોને રાજકોટ મુકામે આયોજિત ગ્લોબલ એગ્રી એક્ષ્પો ૨૦૨૪ (GPBS 2024)ની મુલાકાત તા. ૯ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ કરાવવામાં આવી. જેમાં આભુષણ બનાવવાની વસ્તુઓ, હસ્તકલા, ગૃહ ઉદ્યોગ બનાવટની વસ્તુઓ, મુલ્યવર્ધન વસ્તુઓ, સ્વાસ્થ્ય અને બ્યુટી પાર્લર વસ્તુઓ સાથે સાથે વિવિધ ખેતીલક્ષી ટેકનિકલ યંત્રો, દવાઓ, ખાતરો, આત્મા પ્રોજેક્ટ સ્ટોલ તેમજ અન્ય પ્રદશનો નિહાળવામાં આવ્યા.**










**તા. ૧૬ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન કેવીકે અમરેલી મુકામે કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ અંગે ત્રણ દિવસીય તાલીમ કાર્યક્રમમાં લાઠી કાર્ય વિસ્તારના કેરીયા ગામના ૩૧ બહેનો સહભાગી થયા. જેમાં તજજ્ઞો દ્વારા નફાકારક પશુપાલન, શિયાળુ પાક, જમીનનો નમુનો લેવાની રીત અને ફાયદાઓ, મધમાખી ઉછેર, અનાજ સંગ્રહ અને તેનું જીવત નિયંત્રણ, બાગાયતી પાકોની મૂલ્યવર્ધન, ઔષધીય પાકોનું મહત્વ, અળસિયાનું ખાતર, જીવામૃત વગેરે વિષયો ઉપર તાલીમ આપવામાં આવી.**







**જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપનીએ ટામેટામાંથી કેચઅપ બનાવી. પ્રોડક્ટ બજારમાં વેચાણ અર્થે મુકી.**



**ગોંડલના સુલતાનપુર ગામમાં ખેડૂતો સાથે એફપીઓ બાબતે એક મીટીંગનું આયોજન થયું.**



**વડોદરા કાર્ય વિસ્તારના ૯૦ ખેડૂતો માટે ૩ દિવસીય પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, બાયો ઈનપુટ સેન્ટર, ગાંગડા, ભૂમિ અળસિયા ફાર્મ અમરેલીની મુલાકાત, કૃષિ પુનઃ સ્થાપન પદ્ધતિઓમાં બાયોચાર યુનિટ રાંઢીયા ની મુલાકાત કરાવવામાં આવી. ખેડૂતોએ સૌરાષ્ટ્રની ખેતી પદ્ધતિઓથી માહિતગાર થયા.**











**દેવળિયા, મોટા ઉમવાડા, પાંચતલાવડા અને જુના રાજપીપળાની ૧૯.૪ હેક્ટર જેટલી જમીન પર કન્ટુર ટ્રેન્ચ અને માટીપાળાની પ્રવૃતિઓ થઇ જે જમીનમાં ભેજ જળવાશે અને ભૂમિજળ રીચાર્જમાં મદદરૂપ થશે.**






**નારણકા, સતાપરા, ખડવંથલી, રામોદ, ભાડવા અને ખોખારી ગામોમાં રિસોર્સ મેપ અને વોટર બજેટીંગની તાલીમો થઇ.**





**ગોંડલ વિસ્તારના ૭ ગામોમાં પશુપાલન તાલીમમાં મહિલાઓને કૃત્રિમ બીજદાનની માહિતી આપવામાં આવી હતી. ૨૮૭ મહિલાઓને ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાની તાલીમ આપવામાં આવી હતી.**





ટપક E-MAGAZINE

Volume 1, Issue 10

January 2024

## ગોંડલ વિસ્તારના ગામોનાં ખેડૂતો સાથે વર્મીકમ્પોસ્ટ યુનિટ એક્સપોઝર વિઝિટ જીઆઈડીસીના સહયોગથી કરવામાં આવી.



## સુલતાનપુર અને લુવારી મોલી ગામે સંસ્થા દ્વારા બનેલા GPDPનું ફોલોઅપ અને ફિલ્ડ વિઝીટ કરવામાં આવી.




## Multipurpose Cyclone shelter maintenance and management committee ની મીટિંગ નલિયા માંડવી ખાતે તા.૧૯-૦૧-૨૦૨૪ના રોજ કરવામાં આવી જેમાં જન સમુદાય પ્રતિનિધિ અને તલાટી / મંત્રી હાજર રહ્યા હતા. ઉન્નતિ માંથી કિરીટભાઈ પરમારે વિસ્તૃત જાણકારી આપી હતી.





## મંડાળા ગામમાં આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં ટીમે ભાગ લીધો સંસદસભ્ય ગીતાબેન પટેલને મળ્યા અને સંસ્થા તથા REEL કાર્યક્રમ વિશેની માહિતી આપી.



## ટીમે અનુક્રમે માટી અને પાણીના 54 અને 40 નમૂના એકત્ર કરી પરીક્ષણ માટે મોકલ્યા.



મહિના દરમિયાન પાંચ કાર્યક્રમ ગામોમાં જનજાગૃતિ અભિયાન યોજવામાં આવ્યું હતું. અભિયાન દરમિયાન, ટીમ ખેડૂતો, મજૂરો અને મહિલાઓને મળી અને કાર્યક્રમ અને સંગઠન વિશેની માહિતી શેર કરી. તેઓએ ખેડૂતો પાસેથી એકત્રિત કરેલા ડેટાની ટીમ દ્વારા ચકાસણી પણ કરી.




મહિના દરમિયાન ગુજરાત વિદ્યાપીઠના 4 વિદ્યાર્થીઓ સંસ્થામાં ઇન્ટર્નશિપ માટે આવ્યા હતા અને ખેડૂતો, મજૂરો અને મહિલાઓને મળ્યા REEL પ્રોગ્રામ વિશે જાણ્યું.



ખેડૂતોને દૂષણ મુક્ત વીણી વિશે જાગૃત કરવા માટે મહિના દરમિયાન ટીમે ત્રણ કાર્યક્રમ ગામોમાં 800 કપાસની થેલીઓનું વિતરણ કર્યું.



Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

Share your review

www.sskkamreli.org info@sskkamreli.org